BUSINESS Mix Plus

ટેક જાયન્ટ કંપનીઓના નબળા દેખાવથી AI પરત્વે રોકાણકારોનો મૂડ બદલાયો

ઇન્ટેલ, એમેઝોન અને આલ્ફાબેટ (ગુગલ) જેવી ટેક જાયન્ટ કંપનીઓના નબળા દેખાવ, એઆઇ લીડર કોરિયા-અને શેનઝેન ચાઇનામાં ટોચના ભાવથી 25-30નો કડાકો, ખાસ કરીને ગુગલના થર્ડ ક્વાર્ટરમાં રેવન્યુ ગ્રોથ સારો હોવા છતા ફ્રી કેશ ફ્લો નેગેટીવ આવતા રોકાણકારોનો મૂડ એઆઇ સ્ટોરી પરત્વે ખાટો થઇ ગયો હતો. આમ પણ ઘણા સમયથી એઆઇ હાયપરસ્કેલપર ડેબ્ટ રેસ, આવક સામે ખર્ચ કરવાની અને દેવુ કરીને ખર્ચ વધારવાની રેસને પગલેએઆઇ સેકટર હવે બબલ સ્ટેજમાં હોવાની ચેતવણીઓ સમયંતારે આવતી હતી. ગત સપ્તાહે અમેરિકાના સેમીકંડકટર- બીગ ટેક શેરોમાં ધોધમાર વેચવાલી આવી. બુધવારે ફેડના ચેરમેન કેવિનન વોર્શે અમેરિકી ઇકોનોમી મજબૂત છે, વ્યાજદર વધારા અંગે અમે ડેટા મોનીટર કરીએ છીએ, ફોરવર્ડ ગાઇડન્સ આપવુ જરુરી નથી એવો મગરુરી ભર્યો પ્રતિસાદ આપ્યો. બજારો દીશાહીન હોઇ ત્યારે ઘટના સ્થળથી ભાગી છૂટે, અહીયા ઘટનાસ્થળ હતું વોલસ્ટ્રિટ અને સોનાચાંદી, મેટલ્સ, ઇમર્જિંગ બજારો.

શેરબજારોમાં પેનિક સેલિંગના કારણે સોનાચાંદી,પ્લેટિનમ-પેલેડિયમ, કોપર- ટીન જેવી મેટલ્સમાં ભયંકર વેચવાલીથી બ્લેક ફ્રાઇડે જેવો માહોલ હતો. એશિયામાં એઆઇ-ટેક- મેટલ્સ સેકટર તૂટવા માટે બીગટેકના નબળા પરિણામો અને ફેડની ગાઇડન્સ વીનાની નિરસ મીટીંગ તો જવાબદાર ખરીજ, પણ સાથોસાથ બુધવારે યોજનાર અમેરિકી મધ્યસત્ર ચૂંટણીઓમાં શાસક પક્ષ નીચલા ગૃહ -હાઉસમાં બહુમતી ગુમાવે તો ટેરિફ, બજેટનીતિ જેવી બાબતો પર એની એકહથ્થુ સત્તાઓ જતી રહે, હાઉસ યાને નીચલા ગ્રહ પાસે ઇમ્પિચમેન્ટનું એક શસ્ત્ર છે. હઉસ ઇમ્પિચમેન્ટ ખરડો લાવે, સેનેટ-

બિરેન વકીલ

ઉપલા ગૃહમાં કે જયાં રિપબ્લીકન પાસે આછીપાતળી સત્તા રહેવાની શકયતા છે ત્યા એ ખરડો ઉડી જાય. ઇમ્પીચમેન્ટની ધાર ભલે બુઠ્ઠી હોય પણ ડેમોક્રેટસના કબજામાં હાઉસ આવે તો શાસક પક્ષની અમર્યાદ સત્તા પર કાપ આવે, ઉપલા ગૃહ સેનેટમાં પણ શાસક પક્ષની બહુમતી પાતળી છે. વિપક્ષ ફકત 4 સીટનો નેટ ગેઇન મેળવી શકે



તો વિપક્ષ પાસે બેઉ ગ્રુહોમાં કબજો આવે, એમ સંજોગોમાં કોંગ્રેસ લેમ ડક બનવી રહે. ટ્રમ્પ પ્રમુખ તો રહેવાના પણ દરેક મામલે એમણે વીટો વાપરવો પડે. વૈશ્વિક ઘોરણે ટ્રમ્પિઝમનો પ્રભાવ ઓસરી રહ્યો છે. બ્રાઝિલમાં એમના રાજકીય વિરોધી, ચીનના સહયોગી લુલા ડી સિલ્વા સતત ચોથીવાર જીત્યા છે, આલ્બેનીયામાં પણ ટ્રમ્પ એડી રામાની સરકાર સ્ટુડન્ટસ સામે હારી ગઇ છે. અહીયા ટ્રમ્પના જમાઇ જારેડ કુશનરના રિસોર્ટ સામે પ્રચંડ આક્રોશ હતો. વેનેઝુએલામાં મેડોરાને હટાવી કઠપુતળી સરકાર બનાવી ઓઇલ એસેટ પર કબજો લઇશુ એવી અમેરિકાની મંશામાં વિક્ષેપ આવ્યો છે. દેશનિકાલ થયેલા લોકપ્રિય નેતા માચોડો અચાનક દેશમાં આવી ગયા છે. આર્થિક કોલમમાં રાજકીય વાતો ઉચીત નથી પણ અર્થકારણ-રાજકારણની ભેળસેળમાં ટેકનોલોજી-ટેરિફ-સેંકશન વગેરે નીતિઓ શેરબજાર-કોમોડિટિઝની તેજી મંદી પર મોટી પર અસર કરે છે એટલે આ વાત છેડવી પડી છે.

બુલિયન બજારમાં ચાંદી-સોનું-પેલેડિયમમાં ઘાણીકુટ વેચવાલી હતી. ટીન, નિકલ વગેરે પણ તૂટ્યા હતા. તાજેતરમાં રશિયાએ અમેરિકાને ડિઝલ આપ્યું, અમેરિકાએ રશિયાપર અમુક પ્રતિબંધો હટાવ્યા એ પછી એમ લાગે છે કે કદાચ રશિયાને પેલેડિયમ-પ્લેટિન, કોપર જેવી મેટલમાં સેંકશનમાં મોટી છૂટ મળે તો ત્યાંથી વિશ્વબજારમાં માલ

લોકલ બજારમાં બે વરસથી ડીગ્રોથ, ફુગાવો કે એઆઇ ડિસરપ્શનની ભારતીય રોકાણકાર પર ખાસ અસર પડી નથી

ઠલવાય શકે. ઇરાન સાથે સમાધાન માટે અમેરિકા બેતાબ છે, જે ડી વાન્સે ઇરાની સત્તાધીશોને પત્ર લખી શાંતીવાર્તા શરુ કરવા કહ્યું છે. ઇરાને જવાબ નથી આપ્યો, ઇરાન- હુથી છુટા છવાયા હુમલા કરી ક્રુડઓઇળને 100-105 ઉપર ટકાવી શકયા છે. યુક્રેન અને ઇરાન વોર મામલે મીડ ટર્મના પરિણાણો મળ્યો છે. લોકલ બજારમાં બે વરસથી ડીગ્રોથ, ફુગાવો કે એઆઇ ડિસરપ્શનની ભારતીય રોકાણકાર પર ખાસ અસર પડી નથી. કવોલીટી સ્ટોકસમાં અથવા મ્યુ ફંડસમાં બાય એન્ડ હોલ્ડ કરવાથી લોંગ ટર્મ રોકાણકારો મોંઘવારીને હંફાવી શકે, મૂડી રક્ષી શકે. એફએન્ડઓમાં વોશઆઉટ રેટ વધુ પહેલા કોઇ અટકળ કરવી ઉચિત નથી. ગત સપ્તાહે બીનાન્સ નામના મોટા એકસચેન્જમાં 6 અબજ ડોલર મૂલ્યના બીટકોઇન ચોરાતા બીટકોઇનમાં કડાકો આવ્યો હતો. 90 ટકા બીટકોઇન રિકવર થયા છે પણ સમયાંતરે ક્રિપ્ટો હેક થયા કરે છે. કોઇને કોઇ કાંડ થયા કરે છે એટલે બીટકોઇન કે સ્ટેબલ કોઇન હેકપ્રુફ નથી એ હવે ઘણા લોકોને સમજાય ગયુ છે. રિસ્ક ટેકિંગ વ્યકિતગત આઝાદીની વાત છે.

ઘરઆંગણે જીઓ પ્લેટફોર્મના મેગા આઇપીઓને પ્રચંડ પ્રતિસાદ છે એટલે એફએન્ડ કારોબાર ઘસાઇ રહ્યા છે. ઇન્ડેકસમાં બે વરસથી ડીગ્રોથ છે, મ્યુ ફંડ રોકાણકારો નીરસ છે. એફઆઇઆઇના નીરંતર સેલીંગ સામે લોકલ બજારોને રિટેલ રોકાણકારો ટેકો પી શકે પણ એ માટે એસટીટી, લોંગ ટર્મ- શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન્સ જેવા કરબોજ ઘટાડવા પડે.

કોઇ પોલીસી બુસ્ટ આપવો પડે તો રિટેલ રોકાણકાર પાછો આવે, નવો રોકાણકારો બજારમાં આવે. હાલમાં નીચા સેન્સેકસ સ્ટેબલ થયો છે. નીચા મથાળે મંદી અટકી છે, પણ ક્રુડ 100 ડોલર ઉપર છે. અલ નીનોને કારણે રવી વાવેતરો ધીમા હોઇ અનાજ-કઠોળ તેલીબીયાંમાં તેજી છે. મોંઘવારી ડામવા આરબીઆઇએ ડિસેમ્બરમાં વ્યાજદરો વધારવા પડે. ઇરાન-યુક્રેન વોર, મીડ ટર્મ, ગ્લોબલ વ્યાજદરોમાં વધારો આમ અનેક અયોકકસતા જોતા દિવાળી સુધી સમય પસાર કરી તહેવારો માણીએ. રૂપિયો હાલમાં સ્ટેબલ છે. એગ્રીબજારો અનાજ કઠોળ-કેટલફીડમાં સંભવીત અછતના મામલે સ્ટોકિસ્ટો તેજીમાં છે સરકાર પણ સંગ્રહખોરી ડામવા સજાગ રહેશે એમ માનીએ.

ફક્ત એઆઇ જ નહીં, ખર્ચની ગણતરીઓ પણ છટણીઓને વેગ આપી રહી છે

બિગ ટેક કંપનીઓમાં 'પિંક સ્લિપ'(નોકરીમાંથી છૂટા કરવાનો પત્ર) એક સામાન્ય લક્ષણ બની ગયું છે. માઇક્રોસોફ્ટની તાજેતરની સ્વૈચ્છિક બાયઆઉટ ઓફર અને એમેઝોનની નવી છટણી એ વાત રેખાંકિત કરે છે કે વિશ્વની સૌથી વધુ નફાકારક ટેક્નોલોજી કંપનીઓ પણ તેમના કર્મચારી વર્ગ પર પુનર્વિચાર કરી રહી છે. આ કોઈ છૂટોછવાયો કિસ્સો નથી. ૨૦૨૨થી, એમેઝોન, માઇક્રોસોફ્ટ, ગૂગલ, મેટા અને નાની ટેક્નોલોજી કંપનીઓએ વારંવાર છટણીના રાઉન્ડની જાહેરાતો કરી છે. શરૂઆતમાં, મહામારી દરમિયાન વધુ પડતી ભરતીના સુધારા તરીકે આ વાતને સમજાવવામાં આવી હતી, જ્યારે ડિજિટલ માંગમાં ઉછાળો

રોકાણકારોએ કડક ખર્ચ નિયંત્રણ અને ઊંચા માર્જિનને પુરસ્કાર આપ્યો છે, જ્યારે મેનેજમેન્ટે અમલદારશાહી સ્તરોને દૂર કરવા અને અનિશ્ચિત વળતર આપતા પ્રોજેક્ટ્સને છોડી દેવાનો પ્રયાસ કર્યો છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) એ આ ખયાલને વેગ આપ્યો છે



આવ્યો હતો અને કંપનીઓ એવું માનતી હતી કે આ તેજી લાંબો સમય ટકશે. તે સ્પષ્ટતા ધીમે ધીમે પોતાનો પ્રભાવ ગુમાવી ચૂકી છે. સ્વસ્થ બેલેન્સ શીટ, વધતા શેરના ભાવ અને રોકાણની પ્રતિબદ્ધતાઓ છતાં છટણી ચાલુ રહી છે. જે સામે આવી રહ્યું છે તે માત્ર એક ચક્રીય સુધારો નથી પરંતુ ટેક્નોલોજી વ્યવસાયો વૃદ્ધિની અપેક્ષા કેવી રીતે રાખે છે તેમાં થયેલ એક માળખાકીય ફેરફાર છે.

અહીં અનેક પરિબળો કામ કરી રહ્યા છે. રોકાણકારોએ કડક ખર્ચ નિયંત્રણ અને ઊંચા માર્જિનને પુરસ્કાર આપ્યો છે, જ્યારે મેનેજમેન્ટે અમલદારશાહી સ્તરોને દૂર કરવા અને અનિશ્ચિત વળતર આપતા પ્રોજેક્ટ્સને છોડી દેવાનો પ્રયાસ કર્યો છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) એ આ પુનર્વિચારને વેગ આપ્યો છે. કંપનીઓ ચિપ્સ, ડેટા સેન્ટર્સ અને કમ્પ્યુટિંગ ક્ષમતા પર ભારે ખર્ચ કરી રહી છે, ભલે તેઓ નિયમિત કોડિંગ, ગ્રાહક સહાય, ટેસ્ટિંગ અને વહીવટી કાર્યો કરતી મોટી ટીમોની જરૂરિયાત પર સવાલ ઉઠાવી રહી હોય. છતાં દરેક ગુમાવેલી નોકરી માટે AIને દોષી ઠેરવવું સરળતા ભરેલું ગણાશે. કેટલાક કાપ પુનર્ગઠન, ગ્રાહક માંગમાં ફેરફાર અથવા અગાઉની મેનેજમેન્ટ ભૂલોને પ્રતિબિંબિત કરે છે. આ ભેદ મહત્વપૂર્ણ છે કારણ કે તકનીકી પ્રગતિ એ અવિચારી ઘટાડા માટેનું અનુકૂળ બહાનું ન બનવું જોઈએ. અહીં એક વિરોધાભાસ છે: જે વ્યવસાયો એક સમયે પ્રતિભા માટે આક્રમક રીતે સ્પર્ધા કરતા હતા તેઓ હવે રોજગારીને એક એવી વેરિએબલ તરીકે ગણે છે જેને ઝડપથી સમાયોજિત કરી શકાય. વારંવાર થતી છટણી મનોબળને નબળું પાડે છે, સંસ્થાકીય સ્મૃતિને નબળી બનાવે છે અને તે વિશ્વાસને ક્ષીણ કરે છે જેના પર ઇનોવેશન આધાર રાખે છે.

ભારત માટે, આની ગંભીર અસરો છે. દેશનો ઇન્ફર્મેશન ટેક્નોલોજી સર્વિસ ઉદ્યોગ લાંબા સમયથી આવક વૃદ્ધિને ભરતી સાથે જોડતો આવ્યો છે, જે લાખો સ્નાતકોને ઔપચારિક કાર્યબળમાં પ્રવેશવાનો માર્ગ પૂરો પાડે છે. વૈશ્વિક ગ્રાહકો ઉત્પાદકતામાં સુધારાની માંગ કરે છે અને ઓટોમેશનમાંથી થતી બચતનો વધુ હિસ્સો પોતાની પાસે રાખવા માંગે છે ત્યારે આ મોડેલ દબાણ હેઠળ છે. વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો, સ્ટાર્ટ-અપ્સ અને અન્યત્ર ટેક્નોલોજી ઓપરેશન્સ સમાન દબાણનો સામનો કરે છે. સૌથી મોટું જોખમ તાજા સ્નાતકો માટે હોઈ શકે છે: પ્રોગ્રામિંગ, ટેસ્ટિંગ અને સપોર્ટમાં એન્ટ્રી-લેવલના અસાઇનમેન્ટ્સ પરંપરાગત રીતે તાલીમ આધાર તરીકે સેવા આપતા આવ્યા છે, પરંતુ તેમાંથી ઘણા કાર્યો ઓટોમેશન માટે સંવેદનશીલ છે. કંપનીઓ માત્ર મહત્વાકાંક્ષી AI વ્યૂહરચનાઓની જાહેરાત કરી શકે નહીં જ્યારે કામદારોને તેમના પોતાના સંક્રમણને નાણાં આપવા માટે છોડી દે. મોટા રોજગારોએ સતત કૌશલ્ય, પેઇડ લર્નિંગ સમય, આંતરિક ગતિશીલતા અને વિશ્વસનીય પ્રમાણપત્ર માટે માપી શકાય તેવા

ઓફ-બીટ

બજેટનું પ્રતિનિધિત્વ કરવું જોઈએ. ઉદ્યોગ સંગઠનો નાની પેઢીઓ માટે વહેંચાયેલા પ્રોગ્રામ્સ બનાવી શકે છે, જ્યારે યુનિવર્સિટીઓએ ગઈકાલના સાધનો શીખવવાને બદલે એમ્પ્લોયરો સાથે મળીને અભ્યાસક્રમો અપડેટ કરવા જોઈએ.

સરકારની જવાબદારી છે, જો કે દરેક અસ્તિત્વમાં રહેલી નોકરીને બચાવવાની નહીં. ભારતના કૌશલ્ય માળખાએ સાયબર સુરક્ષા અને ડેટા ઇજનેરીથી લઈને ઔદ્યોગિક ઓટોમેશન અને AI દેખરેખ સુધીની ઉભરતી ભૂમિકાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. જાહેર ભંડોળ ચકાસાયેલ પ્લેસમેન્ટ અને વેતનમાં વધારો પુરસ્કાર આપવું જોઈએ, માત્ર નોંધણી કે જારી કરાયેલ પ્રમાણપત્રો પર નહીં. એપ્રેન્ટિસશિપ, એમ્પ્લોયર-ફંડવાળા પુનઃપ્રશિક્ષણ માટે કર પ્રોત્સાહનો અને પોર્ટેબલ લર્નિંગ એકાઉન્ટ્સ કામદારોને વ્યવસાયો વચ્ચે આગળ વધવામાં મદદ કરી શકે છે.

રાજ્યોએ અભ્યાસક્રમો શરૂ કરતા પહેલા માંગને ઓળખવા માટે ઉદ્યોગ ક્લસ્ટરો સાથે કામ કરવું જોઈએ, જ્યારે મજબૂત બેરોજગારી સહાય અને પ્લેસમેન્ટ સેવાઓ સંક્રમણને ઓછા પીડાદાયક બનાવશે. આમાંથી કોઈ પણ કોર્પોરેટ બોર્ડને જવાબદારીમાંથી મુક્ત કરતું નથી. મૂડી ખર્ચ જેટલી ગંભીરતાથી કાર્યબળની યોજનાઓની તપાસ થવી જોઈએ, જેમાં રોજગાર સર્જન, વિસ્થાપન અને પુનઃપ્રશિક્ષણના પરિણામો પર પારદર્શક ખુલાસાઓ હોવા જોઈએ. ઉદ્યોગ બુદ્ધિશાળી મશીનોમાં રેકોર્ડ રોકાણની ઉજવણી કરી શકે નહીં જ્યારે માનવીય ક્ષમતાઓને નકામી ગણે. નવીનતા રોજગારીમાં ફેરફાર કરશે; તે વ્યાપક સમૃદ્ધિ પેદા કરે છે કે ગાઢ અસુરક્ષા, તે કંપનીઓ અને સરકારો હવે જે પસંદગીઓ કરે છે તેના પર આધાર રાખે છે, ખાસ કરીને યુવા અને ઝડપથી વિકસતા કાર્યબળ માટે.

અલ-નીનોને કારણે વિશ્વમાં ગરીબ લોકોને વધુ અસર થશે

આ વર્ષે અલ-નીનોની સ્થિતિ સર્જાઇ છે જેના કારણે ભારતમાં ચોમાસુ ઘટ સાથે પુરું થયું છે, વિશ્વના અનેક વિસ્તારોમાં અપૂરતો વરસાદ થયો છે, જ્યારે કેટલાક વિસ્તારમાં વધુ પડતા વરસાદની સ્થિતિ સર્જાઇ રહી છે. આને કારણે દુકાળના જોખમો વધુ ગંભીર બની શકે છે, જે ખાદ્ય ઉત્પાદનને અસર કરશે, મોંઘવારી વધારશે અને લાખો લોકોને પાયાની જરૂરિયાતો પૂરી કરવામાં સંઘર્ષ કરતા મૂકી દેશે. ઓક્સફેમ ઇન્ટરનેશનલના એક નવા અહેવાલ, 'ડિઝાસ્ટર ડિવાઇડ: હાઉ ક્લાઇમેટ કાઓસ ડીપન્સ ઇનઇક્વાલિટી એન્ડ એનરિચિસ ધ ફ્યુ'માં ચેતવણી આપવામાં આવી છે કે 'ગોડઝિલા' અલ નીનો, જે અત્યાર સુધીના સૌથી શકિતશાળી અલ નીનોમાંથી એક હોવાનું અનુમાન છે, તે તાપમાનને રેકોર્ડ સ્તરે પહોંચાડી શકે છે અને અનેક પ્રદેશોમાં દુષ્કાળ સર્જી શકે છે. અલ નીનોની અસરો વર્ષ ૨૦૨૬ના અંત સુધી અને ૨૦૨૭ માં પણ ચાલુ રહેવાની ધારણા છે. ચિંતાની વાત એ છે કે બદલાતા હવામાનની ભાત, સંઘર્ષો અને આર્થિક મુશ્કેલીઓથી ખાદ્ય પ્રણાલીઓ પહેલેથી જ દબાણ હેઠળ છે. એક શક્તિશાળી અલ નીનો આ સ્થિતિને વધુ બગાડી શકે છે, ખાસ કરીને એવા લોકો માટે કે જેઓ તેમની આવક અને ખોરાક માટે ખેતી પર નિર્ભર છે.

તુલનાત્મક મજબૂતાઈ દરાવતો છેલ્લો અલ નીનો ૨૦૧૫-૧૬ માં આવ્યો હતો. ઓક્સફેમ મુજબ, આ

ફ્રન્ટ-ટોપિક

ઘટનાથી આશરે ૬૦ મિલિયન લોકો સીધા પ્રભાવિત થયા હતા. ખેતી અને ખાદ્ય સુરક્ષાને મોટું નુકસાન થયું હતું. લોકોની આજીવિકા, પાણીનો પુરવઠો, સ્વચ્છતા અને સ્વાસ્થ્ય પર પણ આની અસર જોવા મળી હતી. અહેવાલ ચેતવણી આપે છે કે આગામી બે વર્ષમાં આવી જ અસરો ફરી જોવા મળી શકે છે. વર્તમાન ખાદ્ય સંકટનું પ્રમાણ પહેલેથી જ ચિંતાજનક છે. ફેમિના અર્લી વોર્નિંગ સિસ્ટમ્સ નેટવર્ક (FEWS NET) ના અંદાજ મુજબ, ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં ૧૧૫ મિલિયનથી ૧૨૫ મિલિયન લોકોએ તાત્કાલિક ખાદ્ય સહાયની જરૂર પડશે. આ અંદાજ જૂન ૨૦૨૬ માં લગાવવામાં આવ્યો હતો. અહેવાલમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે અનેક દેશો પહેલેથી જ દુષ્કાળના જોખમનો સામનો કરી રહ્યા છે. બદલાતી વરસાદની ભાત અને વધતું તાપમાન સમગ્ર વિશ્વમાં કૃષિ ઉત્પાદનને અસર કરી રહ્યું છે. વરસાદ ખૂબ વહેલો, ખૂબ મોડો અથવા એટલા જથ્થામાં આવી શકે છે જેને પાક સહન કરી શકતો નથી.



કેટલાક વિસ્તારોમાં લાંબા સમય સુધી વરસાદ ન પડવાને કારણે ખેડૂતો ઉત્પાદન કરી શકે તેટલા ખોરાકનું પ્રમાણ ઘટી રહ્યું છે.

ઓક્સફેમનું કહેવું છે કે ૨૦૨૬માં અંદાજે ૨.૩ અબજ લોકો, જેમાંથી મોટાભાગના ગ્લોબલ સાઉથમાં છે, મધ્યમ અથવા ગંભીર ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી ચૂક્યા છે. જે સમુદાયો પોતાની આજીવિકા માટે ખેતી અને કુદરતી સંસાધનો પર નિર્ભર છે તેમના માટે આ સમસ્યા ખાસ કરીને ગંભીર છે. આબોહવા સંબંધિત આંચકાઓ ઓછી આવક ધરાવતા પરિવારોમાં ખોરાકના વપરાશ અને ઉત્પાદનને પણ અસર કરી રહ્યા છે.

અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે પૂર, વાવાઝોડા અને આબોહવાકીય આંચકાઓ તેમજ સંઘર્ષોએ પૂર્વ આફ્રિકા, દક્ષિણ આફ્રિકા અને મધ્ય પૂર્વમાં ૮૭ મિલિયનથી વધુ લોકોને ખાદ્ય અસુરક્ષા તરફ ધકેલી દીધા છે. નાના પાયે ખેતી કરતા ખેડૂતો હવામાનની બદલાતી પરિસ્થિતિઓ સામે સૌથી વધુ સંવેદનશીલ છે. ઘણા ખેડૂતો વરસાદ પર નિર્ભર છે અને તેમની પાસે સિંચાઈ, પાક વીમા, લોન અને અન્ય સંસાધનોની મર્યાદિત પહોંચ છે જે તેમને પાકના નુકસાનનો સામનો કરવામાં મદદ કરી શકે છે. તેમના ખેતરો ઘણીવાર વરસાદ આધારિત, સૂકા, પહાડી અને દરિયાકાંઠાના વિસ્તારોમાં આવેલા હોય છે, જેના કારણે તેઓ દુષ્કાળ, પૂર અને અનિયમિત વરસાદ સામે વધુ જોખમમાં મુકાય છે. અહેવાલ મુજબ અંદાજે ૧.૭ અબજ લોકો એવા વિસ્તારોમાં રહે છે જ્યાં ખાદ્ય અસુરક્ષા પાકની ઉપજમાં ઘટાડો અને જમીનના ધોવાણ સાથે જોડાયેલી છે. માછીમાર સમુદાયો અને માલધારીઓ પણ જોખમમાં છે. તેમની આજીવિકા દરિયાઈ અને મીઠા પાણીના સંસાધનો, ઘાસિયા પ્રદેશો અને મોસમી હવામાન પર આધારિત છે. દરમિયાન, મોટા કૃષિ વ્યવસાયો સિંચાઈ, ટેકનોલોજી, વીમા અને તેમના ઉત્પાદનને સુરક્ષિત રાખવાના અન્ય ઉપાયોમાં રોકાણ કરવા માટે વધુ સારી સ્થિતિમાં છે. નાના ખેડૂતો ઘણીવાર આ રોકાણો પરવડી શકતા નથી. સંસાધનોની પહોંચમાં આ તફાવતનો અર્થ એ છે કે નિષ્ફળ પાકની અસર મોટા કૃષિ વ્યવસાય કરતા નાના ખેડૂત પરિવાર પર ઘણી મોટી પડી શકે છે.

ખાદ્ય ઉત્પાદનમાં ઘટાડો થવાથી કિંમતો વધી શકે છે, પરંતુ તેની અસર દરેક પરિવાર પર સરખી હોતી નથી. ગરીબ પરિવારો તેમની આવકનો મોટો હિસ્સો ખોરાક પાછળ ખર્ચે છે અને ભાવવધારાનો સામનો કરવા માટે તેમની પાસે ઓછી બચત હોય છે. ઓક્સફેમ જણાવે છે કે અમેરિકામાં, સૌથી ગરીબ ૨૦% વસ્તી તેમની આવકના લગભગ ૩૩% ખોરાક પર ખર્ચે છે. ઉચ્ચ આવક ધરાવતા જૂથ માટે આ આંકડો માત્ર ૮% છે.

જ્યારે ખોરાક મોંઘો બને છે, ત્યારે પરિવારોએ તેમની દૈનિક જરૂરિયાતો પૂરી કરવા માટે સ્વાસ્થ્ય અને શિક્ષણ

આબોહવાકીય આપત્તિઓ ગરીબ સમુદાયોને વધુ ગંભીર રીતે અસર કરે છે કારણ કે તેમની પાસે સંકટનો સામનો કરવા માટે ઓછા સંસાધનો હોય છે

પાછળનો ખર્ચ કાપવો પડી શકે છે. કેટલાક લોકો તેઓ જે ખોરાક ખાય છે તેની માત્રા કે ગુણવત્તા પણ ઘટાડી શકે છે. ઓક્સફેમ દલીલ કરે છે કે આબોહવાકીય આપત્તિઓ ગરીબ સમુદાયોને વધુ ગંભીર રીતે અસર કરે છે કારણ કે તેમની પાસે સંકટનો સામનો કરવા માટે ઓછા સંસાધનો હોય છે. શ્રીમંત લોકો સુરક્ષિત સ્થળોએ ખસી શકે છે, તેમના ઘરોનો વીમો કરાવી શકે છે અને નુકસાનમાંથી બહાર આવવા માટે તેમની બચતનો ઉપયોગ કરી શકે છે. ગરીબ પરિવારો મોટે ભાગે પૂર, દુષ્કાળ અને અત્યંત ગરમીના સંપર્કમાં વધુ આવતા વિસ્તારોમાં રહે છે. આપત્તિ પછી તેમના જીવનને ફરીથી બેઠું કરવા માટે તેમની પાસે ઓછા સંસાધનો હોય છે. વારંવાર આવતા આબોહવાકીય આંચકાઓ આ પરિવારોને વધુ ગરીબીમાં ધકેલી શકે છે અને આગામી સંકટ આવે તે પહેલાં તેમની સ્થિતિ સુધારવાનું મુશ્કેલ બનાવી શકે છે.

અમેરિકામાં એઆઇ બબલ ફૂટવાના સંકેત, ભારતીય આઇટી કંપનીઓ તક ઝડપી શકે

અમેરિકાના શેરબજારમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સાથે સંકળાયેલી કંપનીઓના શેરોમાં ઘટાડો નોંધાતાં વૈશ્વિક ટેકનોલોજી સેક્ટરમાં નવી ચર્ચા શરૂ થઈ છે. એઆઇ ક્ષેત્રમાં અતિશય રોકાણ, ઊંચા વેલ્યુએશન અને ભવિષ્યની કમાણી અંગે વધતી અનિશ્ચિતતાને કારણે રોકાણકારો સાવચેત બન્યા છે. ગત સપ્તાહથી ગુગલ, એનવીડિયા, ડેલ, એએમડી અને ઇન્ટેલ જેવી ટેકનોલોજી કંપનીઓના શેરોમાં ઘટાડો નોંધાવાની અસર અન્ય વિદેશી શેરબજારોમાં પણ જોવા મળી છે. ખાસ કરીને ચિપ મેન્યુફેક્ચરિંગ, સેમિકન્ડક્ટર અને એઆઇ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલી કંપનીઓના શેરો દબાણ હેઠળ આવ્યા છે.

વિતેલા સપ્તાહના અંતિમ દિવસોમાં અમેરિકામાં ટેકનોલોજી કંપનીઓના શેરમાં થયેલા ઘટાડાથી રોકાણકારો ડરી ગયા છે. જેમાં ઇન્ટેલમાં 28 ટકા ઘટ્યો હતો આ સિવાય એનવીડિયા, એએમડી, ડેલ અને એચપીના શેરમાં પણ તીવ્ર ઘટાડો થયો હતો. જેથી નાસ્ડેક કમ્પોઝિટ ઇન્ડેક્સમાં જોરદાર ઘટાડો જોવાયો હતો અને તેની પાછળ અન્ય વિદેશી બજારોમાં એઆઇ બબલ ફુટ્યો છે અને ચિપ તથા એઆઇ સંલગ્ન કંપનીઓના શેરોમાં કડાકો બોલાયો હતો.

આ સ્થિતિએ એક મહત્વનો સવાલ ઊભો કર્યો છે કે જો અમેરિકામાં એઆઇ ક્ષેત્રે બબલ ફૂટવાની સ્થિતિ સર્જાય અથવા રોકાણકારો એઆઇ કંપનીઓથી દૂર થવા લાગે તો ભારતીય આઇટી કંપનીઓને તેનો લાભ મળશે કે નુકસાન થશે? ભારતીય આઇટી ઉદ્યોગ માટે આ સ્થિતિમાં તક અને પડકાર બંને રહેલા છે.

અમેરિકામાં તાજેતરના ઘટાડા પાછળનું મુખ્ય કારણ એઆઇ ક્ષેત્રે કરવામાં આવી રહેલા જંગી મૂડીરોકાણ સામે અપેક્ષિત આવક અને નફો મળશે કે કેમ તે અંગેની શંકા છે. ટેકનોલોજી કંપનીઓ ડેટા સેન્ટર, સર્વર, ચિપ્સ અને એઆઇ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ અબજો ડોલર ખર્ચી રહી છે. જોકે

ગ્લોબલ બઝ

આટલા મોટા ખર્ચનું વ્યાપારી વળતરમાં રૂપાંતર કેટલું ઝડપથી થશે તે અંગે રોકાણકારોમાં પ્રશ્નો ઊભા થયા છે. 29 ઓક્ટોબરે આલ્ફાબેટના નબળા પરિણામો અને એઆઇ પાછળ વધતા ખર્ચની ચિંતાએ અમેરિકન બજારને દબાણમાં મૂક્યું હતું. ત્યારબાદ 30 ઓક્ટોબરે ઇન્ટેલના નબળા અંદાજને કારણે ચિપ સેક્ટરમાં વેચવાલી વધુ તીવ્ર બની હતી.

ભારતીય આઇટી કંપનીઓ માટે આ સ્થિતિનો સૌથી મોટો ફાયદો વૈશ્વિક રોકાણકારોનું બદલાતું વલણ બની શકે છે. અમેરિકાની મોટી ટેકનોલોજી કંપનીઓના શેરોમાં ઘટાડો થાય અને એઆઇ ક્ષેત્રે રોકાણના વળતર અંગે પ્રશ્નો ઊભા થાય ત્યારે રોકાણકારો અન્ય ટેકનોલોજી સેગમેન્ટ તરફ નજર દોડાવી શકે છે.



ભારતીય આઇટી કંપનીઓનું પરંપરાગત સોફ્ટવેર સર્વિસિસ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને એન્ટરપ્રાઇઝ ટેકનોલોજીનું કામ આ સંદર્ભમાં મહત્વનું બની શકે છે.

ટીસીએસ, ઇન્ફોસિસ, એચસીએલ ટેકનો, વિપ્રો, ટેક મહિન્દ્રા અને પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ જેવી કંપનીઓ વિદેશી ગ્રાહકોને ટેકનોલોજી આધારિત સેવાઓ પૂરી પાડે છે. એઆઇના ઉપયોગને કારણે કંપનીઓને ખર્ચ ઘટાડવા, જૂની ટેકનોલોજી અપગ્રેડ કરવા, ડેટા સુરક્ષા મજબૂત બનાવવા અને બિઝનેસ પ્રક્રિયાઓમાં સુધારો કરવા માટે નિષ્ણાતોની જરૂર રહેવાની છે. આ કામમાં ભારતીય આઇટી કંપનીઓ પોતાની કુશળતાના આધારે નવા કોન્ટ્રાક્ટ મેળવી શકે છે.

જોકે અમેરિકામાં એઆઇ શેરોમાં ઘટાડો થાય એટલે ભારતીય આઇટી કંપનીઓને સીધો લાભ થશે એવું માનવું યોગ્ય નથી. હકીકતમાં એઆઇ ટેકનોલોજી પરંપરાગત આઇટી સર્વિસિસના બિઝનેસ મોડેલને પણ પડકારી રહી છે. અગાઉ જે કામ માટે મોટી સંખ્યામાં કર્મચારીઓ અને લાંબો સમય જરૂરી હતો તે કામ હવે એઆઇ ટૂલ્સની મદદથી ઓછા સમયમાં થઇ શકે છે. તેના કારણે ગ્રાહકો આઇટી કંપનીઓ પાસેથી ઓછા ખર્ચે વધુ કામની અપેક્ષા રાખી રહ્યા છે.

તાજેતરમાં ઇન્ફોસિસે ઉત્તર અમેરિકાના બજારમાં નબળી માંગ અને એઆઇના કારણે બદલાતા ટેકનોલોજી ખર્ચના વલણ વચ્ચે નાણાકીય વર્ષ 2027 માટેની આવક વૃદ્ધિની આગાહી ઘટાડવી પડી હતી. આ

**ભારતીય આઇટી કંપનીઓને આઉટસોર્સિંગ અને એઆઇ સર્વિ